ગુજરાતમિત્ર
આસપાસ ચોપાસ
આસપાસનાં પ્રદેશની સિદ્ધિ અને સમસ્યાની વાત...!
મંગળવાર ૭ એપ્રિલ, ૨૦૨૬

**ગામમાં સૌથી વધુ ભીલ નાયકા, કુનબી અને કોંકણી જ્ઞાતિના લોકોનો વસવાટ, 60 ટકા લોકો હિન્દુ ધર્મનું પાલન કરે છે**



ટાઉન ટોક

## ગતિશીલ ગુજરાતના વિકાસથી જોજનો દૂર ડાંગના સુબિરના અંતરિયાળ વિસ્તારમાં આવેલું ગામ

# પાંઢરપાડા

**પાંઢરપાડા ગામ 21મી સદીના વિકાસથી વંચિત રહી આજે પણ 18મી સદીની યાદોને જીવંત બનાવી રહ્યું છે, આ ગામનો વિકાસ ડાંગ જિલ્લાનાં ગામડાંમાંથી ક્યાંક ખોવાઈ ગયો હોય તેવાં દૃશ્યો જોવા મળે છે, અગાઉ આ ગામનો પાંચ સ્ટેટ પૈકીના દહેર સ્ટેટમાં સમાવેશ થતો હતો**

ડાંગ જિલ્લાના સુબિર તાલુકામાં સમાવિષ્ટ તથા અંતરિયાળ વિસ્તારમાં આવેલ પાંઢરપાડા ગામના નામકરણની બે લોકવાયકા સાંભળવા મળે છે. ડાંગ જિલ્લાનું પાંઢરપાડા ગામ અગાઉના પાંચ સ્ટેટ પૈકીના દહેર સ્ટેટમાં સમાવેશ થયેલું હતું. સૌ પ્રથમ ભીલ નાયકા જ્ઞાતિના લોકો કુટુંબ કબીલા અને પશુપાલન સાથે શિવબારા પાંઢરપાડા ગામ વિસ્તારમાં વસવાટ કરવા માટે આવ્યા હતા. અહીં શિવબારા ખાતે પ્રાચીન સમયનું પથ્થરનું શિવલિંગ હોય, જેથી લોકો અહીં શિવરાત્રી અને વાઘબારસના રોજ ભગવાન શિવજીની પૂજા-અર્ચના કરતા હતા. સાથે આ શિવદેવના સ્થળે હાટબજાર પણ ભરાતો હતો. બાદમાં ભીલ નાયકા લોકોએ શિવબારાના ફળિયા એટલે પાડા વિસ્તારમાં આદિવાસી સમાજની ઈષ્ટ દેવી પાંઢરદેવીની સ્થાપના કરી આ ગામનું નામ પાંઢરપાડા પાડ્યું હોવાનું જાણવા મળે છે. ગામના વડીલો જણાવે છે કે, આ પાંઢરદેવી અન્નદેવી કંસરીમાતા ચાહામોગી દેવમોગરા માતાનું પ્રતીક હોય તથા તેમાં ઘણું સત્વ હોય, જેથી આ ગામનું નામ પાંઢરદેવી પરથી પાંઢરપાડા પડ્યું હોવાનું જાણવા મળે છે. પીપલદહાડ ગામથી સુબિરના આંતરિક માર્ગમાં 4 કિલોમીટરના અંતરે તથા સુબિરથી 8 કિલોમીટરના અંતરે આવેલું મધ્યમ વસતી ધરાવતું પાંઢરપાડા ગામ છે. ડાંગ જિલ્લાના અંતરિયાળ વિસ્તારમાં અને પર્વતોની ખીણમાં સમથળ ભૂમિ ઉપર તથા ધોધડ નદીથી ચોતરફ વીંટળાયેલું ગામ છે. પાંઢરપાડા ગામ નજીકથી ધોધડ નદી પસાર થાય છે. આ નદી પર ચેઈન સિસ્ટમવાળા ચેકડેમોના પગલે આ નદીનો થોડોક પટો બારેમાસ પાણીથી જીવંત જોવા મળે છે. આ ગામ નજીક ધોધડ નદીમાં બારેમાસ પાણીની સગવડો જોવા મળી રહે છે. આ ગામમાં શિક્ષણનો સાક્ષરતા દર ખૂબ જ નીચો જોવા મળે છે. આ ગામમાંથી માત્ર ત્રણ વ્યક્તિ જ સરકારી નોકરી કરી રહ્યા છે. પાંઢરપાડા ગામનો વિસ્તાર ચોતરફ ઘટાદાર વૃક્ષોથી ભરેલો જોવા મળે છે. પાંઢરપાડા ગામ હાલમાં રોજગારી, શિક્ષણ, નોકરી, પશુપાલન, ખેતીવાડીના ક્ષેત્રે ડગલા ભરવા માટે ભારે મથામણ કરી રહ્યું છે. કારણ કે, આ ગામમાંથી 80 ટકા લોકો સુગર ફેક્ટરીઓમાં પ્રયાણ કરતા હોવાથી આ ગામનો 80 ટકા વિકાસ રૂંધાયો છે. અહીં ચોતરફ કુદરતી સૌંદર્ય અને નયનરમ્ય દૃશ્યોમાં માત્ર કાચાં ઘરોની આહલેક વચ્ચે ગામડાંની અદભૂત ઝલક જોવા મળે છે. ડાંગ જિલ્લાના પીપલદહાડથી શિવબારા થઈ પાંઢરપાડા ગામમાં જવાય છે. જ્યારે આ ગામમાં જવું હોય તો સુબિર, શબરીધામ અને પંપા સરોવર થઈને પણ જઈ શકાય છે. ઉપરાંત આ ગામમાંથી શેપુઆંબા અને મહારાષ્ટ્રના પીંપલનેર પણ જવાય છે. જ્યારે મુખ્ય મથક આહવા જવું હોય તો લગભગ 38 કિલોમીટરનું અંતર કાપી ચકરાવો લેવો પડે છે. આ ગામમાં સો ટકા આદિવાસી લોકો વસવાટ કરે છે, જેમાંથી સૌથી વધુ ભીલ નાયકા, કુનબી અને કોંકણી જ્ઞાતિના છે. આ ગામના 60 ટકા લોકો હિન્દુ ધર્મનું પાલન કરે છે. જ્યારે 40 ટકા લોકો ક્રિશ્ચયન ધર્મ સાથે જોડાયેલા છે. આ ગામમાં હનુમાનજીનું મંદિર, વાઘદેવની પ્રતિમા અને ચર્ચ પણ આવેલું છે. પાંઢરપાડા ગામથી શબરીધામ મંદિર અને પંપા સરોવર નજીક પડે છે. પાંઢરપાડા ગામમાં નિર્માણ કરાયેલા હનુમાનજીના મંદિરે ભક્તો દ્વારા શનિવારે પૂજા-અર્ચના કરવામાં આવે છે. જ્યારે ખ્રિસ્તી ધર્મના અનુયાયીઓ રવિવારે ચર્ચમાં બેસી પ્રાર્થના કરે છે. પાંઢરપાડા ગામની ચર્ચા કરીએ તો ગામની કુલ વસતી આશરે 887થી વધુ છે, જેમાં પુરુષોની સંખ્યા અંદાજિત 440થી વધુ છે. જ્યારે સ્ત્રીઓની સંખ્યા પણ 447થી વધુની છે. આ ગામમાં 200થી વધુ કાચાં ઘર આવેલાં છે ,સાથે 250થી વધુ નાનાં-મોટાં કુટુંબો આવેલાં છે. ગામમાં પટેલ ફળિયું, નિશાળ ફળિયું, કારબારી ફળિયું મળી કુલ 3 ફળિયાં આવેલાં છે. પાંઢરપાડા ગામમાં વર્ષોથી માત્ર ભીલ નાયકા અને કોંકણી અને કુનબી જાતિના આદિવાસી લોકો વસવાટ કરે છે. આ ગામમાં સૌથી વધુ બાગુલ, ચૌધરી, પવાર, શિંદે, ગાયકવાડ, કનવારે અને સૂર્યવંશી જેવી અટકના લોકોનો સમાવિષ્ટ થયો છે. આ ગામના મોટા ભાગના લોકો ચોમાસાની ઋતુ દરમિયાન એક જ વખત ખેતી કરે છે. જ્યારે અમુક ખેડૂતો ધોધડ નદીના કિનારે શિયાળુ અને ઉનાળુ પાકોની ખેતી પણ કરે છે. આ ગામમાંથી 80 ટકા લોકો સુગર ફેક્ટરીઓમાં અને મહારાષ્ટ્ર નજીક પડતું હોવાથી અમુક લોકો રોજગારી અર્થે દ્રાક્ષ સહિત શાકભાજીના વાડીઓમાં મજૂરીના કામ અર્થે સ્થળાંતરણ કરે છે. જેથી આ ગામમાં માત્ર વડીલો અને બાળકો જ જોવા મળે છે. અમુક સિઝનમાં આ ગામ ખાલીખમ જોવા મળે છે.



## ગામની રાજકીય સ્થિતિ અને હોદ્દેદારો

સુબિર તાલુકાના શેપુઆંબા ગ્રુપ ગ્રામ પંચાયતમાં શેપુઆંબા (સાવરખલ), શિવબારા, પાંઢરપાડા, લહાનઝાડદર, મોટી ઝાડદર, કરંજપાડા જેવાં ગામો મળી કુલ 6 ગામનો સમાવેશ કરવામાં આવ્યો છે. શેપુઆંબા ગ્રુપ ગ્રામ પંચાયતમાં છેલ્લા 25 વર્ષથી કોંગ્રેસનો દબદબો જોવા મળતો હતો. પરંતુ ગત ટર્મમાં આ ગ્રુપ ગ્રામ પંચાયતમાં ભાજપાના ઉમેદવાર મેથુબેન રાજુભાઇ કુંવરે કોંગ્રેસના ગઢમાં ગાબડું પાડી મહિલા સરપંચ તરીકે જીત હાંસલ કરી છે. આ મહિલા સરપંચ મેથુબેન કુંવરને



ચુંટાયાને થોડો જ સમય થયો છે. જેઓ હાલમાં પાંઢરપાડા ગામ સહિત અન્ય ગામોના રોડ રસ્તા, પાણીની સુવિધાઓ, ગટર સહિત આવાસો માટે પ્રયત્નો કરી રહ્યાં છે. ગ્રુપ ગ્રામ પંચાયત શેપુઆંબામાં સમાવિષ્ટ પાંઢરપાડા ગામની વાત કરીએ તો ગામના વોર્ડ મેમ્બરમાં મનીષાબેન પ્રતીકભાઈ બાગુલ અને કિરણભાઈ ભુરીયાભાઈ દબદબાભેર ચુંટાઇ આવ્યાં છે. હાલ શેપુઆંબા વિસ્તારમાં મહિલા સરપંચ તરીકે મેથુબેન કુંવર તથા ગામના યુવા અને શિક્ષિત આગેવાનમાં નિલેશભાઈ બાબુભાઈ બાગુલ તથા ચુંટાયેલા સભ્યો અને આગેવાનો તેમજ તલાટી કમ મંત્રી યોગેશભાઈ પાવરાના માર્ગદર્શન મુજબ વિકાસકીય કામો કરવા માટે તત્પર બન્યાં છે. આ ગામના તલાટી કમ મંત્રી તરીકે યોગેશભાઈ પાવરા નિયમિત કામગીરી કરે છે. તેમના ચાર્જમાં અન્ય ગ્રુપ ગ્રામ પંચાયતનાં ગામડાં પણ આવે છે. સાથે ગ્રુપ ગ્રામ પંચાયત શેપુઆંબાની નિયમિત કામગીરી કરી રહ્યા છે. પાંઢરપાડા ગામના યુવા નેતા નિલેશભાઈ બાગુલ સતત બે ટર્મથી જિલ્લા સદસ્ય તરીકે ચુંટાઈ આવ્યા હતા અને આ યુવા નેતા જિલ્લા પંચાયતમાં કારોબારી અધ્યક્ષનો હોદ્દો પણ સંભાળી ચૂક્યા છે. ગામના યુવા નેતા નિલેશભાઈ બાગુલ પ્રથમ ટર્મમાં સુબિર જિલ્લા સીટ પરથી કોંગ્રેસમાંથી દબદબાભેર ચુંટાઈ આવ્યા હતા. બાદ તેઓએ કોંગ્રેસનો પંજો છોડી ભાજપાના કમળ સાથે જોડાણ કર્યુ હતું. બીજી ટર્મમાં પણ સુબિર જિલ્લા સીટ પરથી ભાજપામાંથી જિલ્લા સદસ્ય તરીકે દબદબાભેર ચુંટાઇ આવ્યા હતા. હાલ તેઓની ટર્મ પૂરી થતાં તેઓએ ફરી પાટલી બદલી કોંગ્રેસમાં ઘરવાપસી કરતાં સુબિર સહિત માદરે વતન પાંઢરપાડા ગામનો વિકાસ અવઢવમાં મુકાયો છે. યુવા નેતા નિલેશભાઈ બાગુલ સતત બે ટર્મ સુધી જિલ્લા સદસ્ય હોવા છતાંય અને તેઓના પરિવારના સભ્યોએ 4 ટર્મ સુધી શેપુઆંબા ગ્રુપ ગ્રામ પંચાયતની ધૂરા સંભાળી હતી. તેમ છતાંય તેઓ પોતાના ગામના શિક્ષણ, ખેતીવાડી, રોજગારી અને વિકાસમાં ઉણા ઊતર્યા હોય તેવાં દૃશ્યો જોવા મળી રહ્યાં છે. પાંઢરપાડા ગામના વતની અને કોંગ્રેસના પીઢ આગેવાન બાબુભાઇ બાગુલનો ગામ સહિત સુબિર વિસ્તારના વિકાસમાં અહમ ફાળો જોવા મળે છે. બાબુભાઇ બાગુલ ગામ સહિત વિસ્તારના લોકોના કામો માટે હંમેશાં દોડતા હોય છે. તેઓ સુબિર વિસ્તારમાં દરેક લોકોને સરકારી યોજનાઓનો લાભ મળે તેવા પ્રયત્ન કરતા હોય છે. જેથી સામાજિક આગેવાન અને કોંગ્રેસના નેતાની છાપ ધરાવનાર બાબુભાઈ બાગુલની લોકચાહના સુબિર તાલુકામાં આજેપણ અકબંધ જોવા મળે છે.





## ગામના સમાજ સેવકો અને અગ્રણીઓ

પાંઢરપાડા ગામના સમાજ સેવકો અને અગ્રણીઓમાં બાબુભાઈ બાગુલ, નિલેશભાઈ બાબુભાઈ બાગુલ, રામુભાઈ ટી. બાગુલ, લાશ્યાભાઈ યુ.ગાયકવાડ, ગંગાભાઈ એમ.બાગુલ, દેવુભાઈ નિમજયા પવાર, વિનેશભાઈ જાનુભાઈ બાગુલ, અશોકભાઈ મનુભાઈ બાગુલ, ગોમાભાઈ ભીલુ ગાયકવાડ, ભુરીયાભાઈ મહારૂ બાગુલ, કિશોરભાઈ એસ.ગાયકવાડ, કિરણભાઈ ભુરીયાભાઈ બાગુલ, શંકરભાઈ સોન્યાભાઈ પવાર, મોત્યાભાઈ બુધ્યા બાગુલ, સુરેશભાઈ રંગુ બાગુલ, ઉંબરેભાઈ બુધ્યા બાગુલનું ગામના વિકાસમાં મહત્ત્વનું યોગદાન રહ્યું છે.



## ભગતોએ આયુર્વેદના વારસાને ટકાવી રાખ્યો

પાંઢરપાડા ગામના ભગતો આયુર્વેદિક વારસાનું જતન કરી સેવાની ધૂણી ધખાવી રહ્યા છે. આ ગામના ભગતોમાં ગંગાભાઈ ઉખરડે ગાયકવાડ, ભુરીયા મહાદુ બાગુલ, અમદયાભાઈ જાનુ પવાર, રાજુભાઈ અમદયાભાઈ પવાર, પાંકુબેન બી.માળવીશ, અવશેભાઈ સોમાભાઈ સામાન્ય તથા અસાધ્ય બીમારીઓનું નિદાન કરી વર્ષોથી સેવાની ધૂણી ધખાવી રહ્યા છે. તથા આયુર્વેદના વારસાને ટકાવી રાખ્યો છે.

